**<u>વાદીની આંક–૪૦ થી રજુ અરજી લગત હુકમ</u>**

**૧.** આ કામે વાદી દવારા હાલની અરજી લાવી મુખ્યત્વે જણાવે છે કે,

૧.૧ વાદીએ કરેલ દાવો જામજોધપુરમાં રે.સ.નં. ૧૦૫૯ પૈકી ૩ હે. ૩–૮૭–૪૯ આકાર રૂા. ૨૨–૦૬ પૈસા તેમજ વસંતપુરનાં જુના રે.સ.નં. ૨૬/પૈકી ૧ જેનાં નવા રે.સ.નં. ૨૮૨ હે. ૧–૫૯–૮૭ વાળી વડીલોપાર્જીત મિલકત સબંધે કરેલ છે.

૧.૨ તેમજ જામજોધપુરનાં સીટ નં. ૧૧, સર્વે નં. ૩૦૩૯, ૪૧૮ ચો.મી. અને જામજોધપુરનાં રામવાડી વિસ્તારમાં આવેલ રે.સ.નં. ૧૬૫૨ અને ૧૬૫૫ નું એકત્રીકરણ કરી બીનખેતી પ્લોટ નં. ૧૨ ચો.મી. ૨૩૭.૦૮ વાળી મિલકતવાળા સંબંધે અને કુલ મુખત્યાર સબંધે દાદ માંગેલ છે. તેમજ માકડીયાવાડીમાં શીટ નં. ૨૩ સર્વે નં. ૨૫૭૨ ચો.મી. ૬૪.૪૦ વાળા મકાન સંબંધે દાદ માંગેલ છે.

૧.૩ ખેતીની જમીનનો હિસ્સો અલગ પડી ગયેલ છે અને વસંતપુરની જમીન હરેશભાઈ પ્રતિવાદી નં. ૩ નાં હિસ્સે આવેલી છે અને આ હરેશભાઈએ દાવાનો જવાબ આંક –૩૦ થી તથા વચગાળાનો જવાબ આંક– થી આપેલ છે અને તમામ તકરારો કાયમ રાખી આ હરેશભાઈએ ચાલતા દાવાએ આ વસંતપુરની ખેતીની જમીન વાવી ખેડી અને વાદી નં. ૧ ઘર ચલાવે અને બાળકોનો સંભાળ અને ઉછેર કરે તેમાં સહમતી આપેલી છે. આ વચગાળાની અરજી પારા–૫ માં પ્રતિવાદી નં. ૩ એ આપેલ એડમીશન નિગાહે લઈ આ ખેતીની જમીન પુરતો યથાવત સ્થિતિનો હુકમ દાવાનાં આખરી નિકાલ સુધી ફરમાવી આપવા હાલની અરજી લાવેલ છીએ.

૧.૪ પ્રતિવાદીઓ તમામે માકડીયાવાડીમાં શીટ નં. ૨૩ સર્વે નં. ૨૫૭૨ ચો.મી. ૬૪.૪૦ વાળા મકાન વડીલોપાર્જીત હોવાનું, બાપદાદાની નિશાની હોવાનું અને પ્રતિવાદી નં. ૪ તેમાં વસવાટ કરતાં હોવાનું એડમીશન કરેલ છે. આ દાવા જવાબ પ્રતિવાદી નં. ૧,૨,૪ તરફે આંક–૨૯ થી રજુ કરેલ છે. આ સંજોગોમાં આ મિલકત પ્રતિવાદી નં. ૪ ઉપભોગ

કરે તેમાં કોઈને વાંધો તકરાર હોઈ શકે નહી અને આ માકડીયાવાડી વાળું મકાન પુરતો યથાવત સ્થિતીનો હુકમ દાવાનાં આખરી નિકાલ સુધી ફરમાવી આપવા આદેશ કરવા અરજ છે.

૧.૫ તેમજ જામજોધપુરનાં રામવાડી વિસ્તારમાં આવેલ રે.સ.નં. ૧૬૫૨ અને ૧૬૫૫ નું એકત્રીકરણ કરી બીનખેતી પ્લોટ નં. ૧૨ ચો.મી. ૨૩૭.૦૮ વાળી મિલકત સબંધે પ્રતિવાદી નં. ૩ એ આંક–૩૦ થી આપેલ જવાબ પારા–૧૨ માં તેમની જીંદગી પર્યંત તેઓ આ મિલકત વેચાણ કરવા માંગતા નથી તેવો જવાબ પારા–૧૨નું એડમીશન નિગાહે લઈ આદેશ કરવા અરજ છે.

૧.૬ હું આપ સાહેબનું ધ્યાન સી.પી.સી. ઓ. ૮ રૂ. ૫(૪) પરત્વે ધ્યાન દોરીશ કે, નામદાર અદાલત એડમીશન પુરતું જજમેન્ટ ડીકલેર કરવા અધિકૃત છે. આ સંજોગોમાં આપ સાહેબને અમારૂ વાદી તરફે વચગાળાનો હુકમ દાવાનાં આખરી હુકમ સુધી ફરમાવી આપવા હાલની અરજી લાવેલ છીએ.

**૨.** વાસ્તે, અરજી લાવી દાદ માંગવાની કે :–

(અ) જામજોધપુર મુકામે આવેલ માકડીયાવાડીમાં શીટ નં. ૨૩ સર્વે નં. ૨૫૭૨ ચો.મી. ૬૪.૪૦ વાળા મકાન તથા જામજોધપુર તાલુકાનાં વસુતપુર ગામનાં જુના રે.સ.નં. ૨૬/પૈકી ૧ જેનાં નવા રે.સ.નં. ૨૮૨ હે. ૧–૫૯–૮૭ વાળી ખેતીની જમીન પુરતો દાવાનાં આખરી નિકાલ સુધીનો યથાવત સ્થિતિનો હુકમ ફરમાવી આપવા આદેશ કરવા અરજ છે.

(બ) કુદરતી ન્યાય અને સમન્યાયનાં આધારે મળવાપાત્ર તમામ દાદ અપાવવા આદેશ કરવા અરજ છે.

**3.** પ્રતિવાદી નં–૩ તરફે આંક–૪૧ થી અરજીના વાંધા જવાબ રજુ રાખી મુખ્યત્વે જણાવે છે કે,

૩.૧ આ કામના વાદીની ઉપરોકત વિષયમાં જણાવેલી અરજી ખરી શુધ્ધબુધ્ધિપૂર્વકની કે કાયદેસરની નથી.

૩.૨ આ કામે વાદીની વચગાળાની અરજીનો નિર્ણય થયો નથી, આ સ્થિતીમાં વાદીએ વચગાળાની અરજીમાં માંગેલી દાદ માટે પ્રોકસી સ્વરૂપની અરજી રજુ કરી છે. આથી વાદીની અરજી કાયદેસર રીતે ચાલવા પાત્ર નથી.

૩.૩ વાદીની અરજી દિવાની કાર્યરીતિ સંહિતાની અધુરી સમજણ સાથેની છે. દિવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર: ૦૮ રુલઃ ૦૫ તળે મનાઈ હુકમ માંગી શકાતો નથી. આથી વાદીની અરજી રદ થવાને પાત્ર છે.

૩.૪ આ કામના વાદીએ હાલના દાવામાં પોતાના પત્ની તરીકેના દરજજાના નાતે હાલનો દાવો રજુ કરેલો છે. આ કામે દાવા અરજીમાં જણાવેલી મિલ્કત સબંધમાં વિવાદનુ કારણ માત્ર કૌટુંબીક તકરારો છે. આથી ફેમેલી કોર્ટ એકટઃ ૧૯૮૪ની કલમઃ ૭ હેઠળ ફેમેલી કોર્ટના જયુરીડીકશનમાં સમાવિષ્ઠ વિવાદને વાદીને આપ નામદાર અદાલતમાં ઉઠાવેલો છે. આથી આપ નામદાર અદાલતને સી.પી.સી. કલમઃ ૯ હેઠળનું જયુરીડીકશન રહેતુ નથી. આથી વાદીનો મુળ દાવો હકુમતની ખામીના કારણે રદ થવા પાત્ર હોય, વાદીની હાલની અરજી પણ મંજુર થવાને પાત્ર નથી.

૩.૫ વાદીની અરજીના પારા (૧)ના જવાબમાં જણાવવાનુ કે, દાવા અરજીમાં જણાવેલી રે.સ.નં. ૧૦૫૯ પૈ. ૩ વાળી હેકટર: ૩–૮૭–૪૯ આરે જમીન તેમજ વસંતપુરના રે.સ.નં. ૨૮૨ હે.૧–૫૯–૮૭ આરે વાળી જમીન વાદીના જણાવેલ હકિકતના અર્થ મુજબ વડીલોપાર્જીત નથી. આ મિલ્કત અમોના પિતાએ ભાયુભાગમાં આપેલી છે. આથી વડીલોપર્જીત મિલ્કત હોવાનુ વાદીનુ અર્થઘટન અમો પ્રતિવાદી સ્વીકારતા નથી.

૩.૬ વાદીની અરજીના પારા (૨)ના જવાબમાં જણાવવાનુ કે, આ કામના વાદીએ જણાવેલી જામજોધપુરના સીટ નંબર: ૧૧ સર્વે નંબર: ૩૦૩૯, ૪૧૮ અમોની ચાર પેઢીથી વડીલો પાર્જીત અને ચાર પેઢીના વડીલોએ વારસામાં આવેલી મિલ્કત નથી. અમો પ્રતિવાદીના પિતાની સમંતિથી અમો પ્રતિવાદીને ભાયુભાગમાં આવેલી મિલ્કત છે. આ હકિકતને વાદીએ ખોટી રીતે પોતાની માન્યતા મુજબના અર્થમાં ઢાળી લીધી છે.

૩.૭ વાદીની અરજીના પારા (૪)ના જવાબમાં જણાવવાનુ કે, માકડીયા વાડીમાં સીટ નંબર: ૨૩ સર્વે નંબર: ૨૫૭૨ વાળુ મકાનની ખરી હકીકત

અમોએ અમારા જવાબમાં જણાવી છે. આમ છતા આ મકાનમાં વાદીને કોઈ માલીકી હકક ઉભો થયો નથી આથી અમો પ્રતિવાદીની વૃધ્ધ માતાના રહેણાંક મકાન સબંધમાં કાયદેસર મનાઈ હુકમ થઈ શકે નહી વાદીએ અમો પ્રતિવાદી સાથે લગ્ન કરેલા છે તેવા માત્ર કારણસર અમો પ્રતિવાદીના ભાઈ–બહેન અને માતા વિરૂધ્ધ કોઈ મનાઈ હુકમ કાયદેસર થઈ શકે નહી.

૩.૮ વાદીની અરજીના પારા (૫)ના જવાબમાં જણાવવાનુ કે, જામજોધપુરના રામવાડી વિસ્તારમાં આવેલ બીનખેતી પ્લોટ નંબર: ૧૨ ચો.મી. ૨૩૭.૦૮ વાળી મિલ્કતની માલીકી આ કામના વાદીની નથી. આ મિલ્કતના વેચાણ સબંધે અમો પ્રતિવાદીએ અમોની ઈચ્છા જાહેર કરી દીધી છે.આ ઈચ્છાના કારણે અમો પ્રતિવાદીના કાયદેસરના અને બંધારણીય અધિકારોને હાની થઈ શકે નહી. આ કામનો દાવો દાખલ થયાને એક વર્ષ ઉપરાંતનો સમય પસાર થયો છે. અમો પ્રતિવાદીએ વાદીના ત્રાસના કારણે અમારુ ઘર છોડી દીધાને લગભગ સાત વર્ષ જેટલો સમય પસાર થયો છે. આમ છતા અમો પ્રતિવાદીએ આ મકાનને વેચાણ કરેલ નથી. વેચાણ કરવા પ્રયત્ન કરેલ નથી. આ સંજોગોમાં અમો પ્રતિવાદી વિરૂધ્ધ વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા માટેનુ કોઈ કાયદેસરનુ કારણ નથી. તેમ જણાવી વાદીની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**૪.** વાદી હાલની અરજી સી.પી.સી.ઓ–૮, રૂલ–૫ અન્વયે લાવેલ હોય ત્યારે અરજી અન્વયે ચર્ચા કરતા પહેલા સી.પી.સી ઓ.૮ રૂલ–૫ ની જોગવાઈઓ અંહી ધ્યાને લેવી આવશ્યક જણાય છે જે નીચે મુજબ છે.

**દીવાની કાર્યરીતી અધી. હુકમ–૮ નીચમ–૫ 'યથા નિર્દીષ્ટ ઈન્કાર'**

(૧) દાવા અરજીમાં જે દરેક હકીકત લખી હોય તે, પ્રતિવાદીના પ્લીડીંગમાં ખાસ જણાવીને અથવા આવશ્યક ગર્ભીતાર્થથી નાકબુલ કરી ન હોય, અથવા કબુલ કરવામાં આવી નથી એમ જણાવવામાં આવ્યુ ન હોય તો તે અક્ષમતાવાળિ વ્યકતીના સબંધમાં હોય તે સિવાયને પ્રસંગે અંગીકાર કરવામાં આવી છે એમ ગણી લેવામાં આવશે.

પરંતુ ન્યાયાલય પોતાનો વિવેક વાપરીને એવી રીતે કબુલ કરેલી કોઇપણ હકીકત એવી કબુલાત સીવાય, બીજી કઇ રીતે, સાબીત કરી આપવાનુ ફરમાવી શકશે.

(૨) પ્રતિવાદીએ પ્લીડીંગ રજુ કર્યુ ન હોય, ત્યારે દાવા અરજીમાંની હકીકતોના આધારે અક્ષમતાવાળિ વ્યકતીઓ સામ હોય તે સિવાય, ફેંસલો જાહેર કરવાનુ ન્યાયાલય માટે કાયદેસર ગણાશે પણ ન્યાયાલય, પોતાની વિવેકબુધ્ધી મુજબ આવી કોઇ હકીકત પુરવાર કરવાનુ જણાવી શકશે.

(૩) પેટા નિયમ(૧)ના પરંતુ અથવા પેટા નીયમ(૨) હેઠળ પોતાનો વિવેક વાપરતી વખતે ન્યાયાલયે, પ્રતિવાદી વકીલ રાખી શકયો હોત કે નહી અથવા તેણે વકીલ રાખ્યો છે કે નહી એ હકીકત પરત્વે યોગ્ય ધ્યાન દેવુ જોઇશે.

(૪) આ નિયમ હેઠળ ફેંસલો જાહેર કરવામાં આવે, ત્યારે એવા ફેંસલા અનુસાર હુકમનામુ લખવુ જોઇશે અને એવા હુકમનામા ઉપર ફેંસલો જાહેર કર્યાની તારીખ નાંખવી જોઇશે.

૫. આમ ઉપરોકત કાયાદાકીય જોગવાઇ ધ્યાને રાખી વાદીની હાલની અરજી અન્વયે ચર્ચા કરીએ તો, આ કામના પ્રતિવાદી નં–૩નાએ પોતાના દાવા જવાબ તથા આંક–૩૯ થી રજુ રાખેલ દરમ્યાન મનાઇ હુકમની અરજીમાં તેઓના નામે આવેલ વસંતપુર ગામે આવેલ રે.સ.નં–૨૮૨ વાળિ ખેતીની જમીન તેઓના ભાગે આવેલ હોવાનુ અને વાદી ખેડી વાવી ઘર ચલાવતા હોવાનુ સ્વીકારેલ છે. પરંતુ વાદીની આંક–પની દરમ્યાન મનાઇ હુકમની અરજી અન્વયે આ કોર્ટ દવારા હુકમ કરી વસંતપુર ગામે આવેલ વાદગ્રસ્ત રે.સ.નં–૨૮૨ વાળિ ખેતીની જમીન દાવાના આખરી નીકાલ થતા સુધી યથાવત સ્થીતીમાં જાળવી રાખવા હુકમ કરેલ હોય જેથી આ અન્વયે હાલની અરજી તળે વિશેષ કોઇ હુકમ ન્યાયોચીત જણાતો નથી.

૬. વિશેષમાં વાદીના વી.વ.શ્રી દવારા રજુઆત કરેલ છે કે, પ્રતિવાદીઓ તમામે માકડીયાવાડીમાં શીટ–૨૩ રે.સ.નં–૨૫૭૨ ચો.મી ૬૪–૪૦ વાળા મકાન વડીલોપાર્જીત હોવાનુ અને બાપદાદાની નીશાની

હોવાનુ અને પ્રતિવાદી નં–૪ તેમા વસવાટ કરતા હોવાનુ પ્રતિવાદી નં–૧,૨,૪ તરફે આંક–૨૯ થી રજુ થયેલ જવાબમાં સ્વીકારેલ છે. જેથી આ માકડીયાવાડી વાળુ મકાન પુરતો યથાવત સ્થીતીનો હુકમ કરવા અરજ કરેલ છે. તેમજ પ્રતિવાદી નં–૩ના આંક–૩૦ થી રજુ થયેલ જવાબના પારા–૧૨ મુજબ એડમીશન ધ્યાને લઇ સી.પી.સી ઓ–૮, રૂલ–૫ અન્વયે એડમીશન પુરતુ જજમેન્ટ ડીકલેર કરવા અરજ કરેલ છે. ત્યારે વાદી વકીલશ્રીની આ રજુઆત સંદર્ભમાં સી.પી.સી ઓ–૮, રૂલ–૫ ની જોગવાઇઓ ધ્યાને લેતા પ્રતિવાદીએ પ્લીડીંગમાં ખાસ જણાવીને અથવા આવશ્યક ગર્ભીતાર્થથી નાકબુલ કરી ન હોય, અથવા કબુલ કરવામાં આવી નથી એમ જણાવવામાં આવ્યુ ન હોય તો તે અક્ષમતાવાળિ વ્યકતીના સબંધમાં હોય તે સિવાય તે હકીકત સ્વીકૃત હકીકત માની તે હકીકત અન્વયે તેટલા પુરતો હુકમ કરી શકે છે. પરંતુ વાદીએ દાવા વાળિ મીલ્કત વીભાજન કરી હીસ્સો અલગ પાડી માલીકીનુ જ્ઞાપન કરવા દાવો લાવેલ હોય સદર અરજીમાં જે મીલ્કત સંદર્ભમાં દાદ માંગેલ છે તે મીલ્કત શીટનં–૨૩ રે.સ.નં–૨૫૭૨ વાળા મકાનમાં હાલ પ્રતિવાદી નં–૪ રહેતા હોવાનુ અને તેમના પિતાના વખત થી થયેલ મૌખીક સમજુતી મુજબ જયાં સુધી પ્રતિવાદીઓના માતા હયાત રહે ત્યાં સુધી પ્રતિવાદીઓના માતા દવારા ઉપયોગમાં લેવાશે અને પ્રતિવાદીઓના માતાની હયાતી દરમ્યાન કોઇ વારસદારોનો લેશમાત્ર હીત નહી રહે તેમજ સદર મીલ્કતમાં પ્રતિવાદીઓની વારસાઇ નોંધ થયેલ હોય પરંતુ અલગ ન કરેલ હોવાનુ અને આ મકાન ભાગ ન પાડવાનો તેમજ વેચાણ કરવાનો ઈરાદો ન હોવાનુ પ્રતિવાદીઓ પોતાના જવાબમાં જણાવતા હોય, ત્યારે આ હકીકત અન્વયે વધુ પુરાવો લેવો આવશ્યક જણાતો હોય, તેમજ આ–૮, રૂલ–૫ ની જોગવાઇઓ ધ્યાને લેતા કોઇ દાવામાં કરેલ કોઇ સ્વીકૃત હકીકત અન્વયે ન્યાયાલયે પોતાની વિવેકબુધ્ધી મુજબ આવી કોઇ હકીકત અન્ય રીતે પુરવાર કરવાનુ જણાવી શકશે તેવી જોગવાઇ પણ રહેલ હોય, વધુમા વાદીની આંક–૫ થી રજુ દરમ્યાન મનાઇ હુકમ મળવાની અરજી અન્વયે અત્રેની કોર્ટ દવારા વસંતપુર ગામની રે.સ.નં–૨૮૨ વાળિ વાદગ્રસ્ત

ખેતીની જમીન અન્વયે દાવા ચાલતા દરમ્યાન યથાવત સ્થીતી જાળવી રાખવાનો હુકમ કરેલ હોય વાદીએ માંગેલ દાદમાં જણાવ્યા મુજબની અન્ય મીલ્કત અન્વયે વિવાદનુ સ્વરૂપ ધ્યાને લેતા આ તબ્બકે કોઇ હુકમ કરવો ઉચીત જણાતો ન હોય જેથી ઉપરોકત તમામ ચર્ચાના અંતે વાદી ની હાલની અરજી અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–હુકમ–**

૧. વાદીની સી.પી.સી ઓ–૮, રૂલ–૫ અન્વયેની હાલની અરજી આથી **ના–મંજુર (રદ)** કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ ૧૭મી, માહે જુન ,સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

જામજોધપુર.
તા.૧૭/૦૬/૨૦૨૬

(એન.આર.ગોહેલ)
પ્રિન્સીપાલ સિવિલ જજ
જામજોધપુર.
જીજે ૦૧૫૮૪